# તાકીદના રેફરલ્સ માટે દર્દીની માહિતી

## આ માહિતી પત્રક સમજાવે છે કે શા માટે તમારા જીપી (GP)એ તમને તાકીદના ધોરણે હૉસ્પિટલમાં રેફર કર્યાં છે અને તમારે શું કરવાની જરૂર છે

### મને તાકીદે હૉસ્પિટલમાં કેમ રેફર કરવામાં આવ્યો/આવી છે?

તમને તાકીદે રેફર કરવામાં આવ્યા છે કારણ કે તમારા જીપી(GP)ને લાગે છે કે તમારા લક્ષણોની વધુ તપાસની જરૂર છે. આ લક્ષણો જેમની સાથે સંકળાયેલા હોઈ શકે તેવી સામાન્યપણે જોવા મળતી, કેન્સર સહિતની અનેક સ્વાસ્થ્ય સ્થિતિઓ છે. જો કે, મોટાભાગના લોકો કે જેમને તાકીદે રેફર કરવામાં આવે છે, તેમને કેન્સર હોતું નથી. જો કેન્સરનું નિદાન થાય, તો પછી નિદાન વહેલું થાય તેની ખાતરી કરવી એટલે સારવાર વધુ અસરકારક થવાની શક્યતા છે. આ જ કારણે તમને તાકીદે તપાસવામાં આવે તે મહત્ત્વનું છે.

**આ રેફરલ તાકીદનું છે. તમને આગામી 14 દિવસમાં તમારી હૉસ્પિટલ સાથે ટેલિફોન અથવા રૂબરૂ એપોઇન્ટમેન્ટની ઓફર કરવામાં આવશે. ઝડપથી નિદાન પ્રાપ્ત કરવા માટે તમારે આગામી ચાર અઠવાડિયામાં વધુ પરીક્ષણો માટે ઉપલબ્ધ રહેવાની જરૂર પડી શકે છે. કૃપા કરીને ખાતરી કરો કે તમે આ સમય દરમિયાન ઉપલબ્ધ છો.**

### તમારા જીપી(GP)ને શું જાણવાની જરૂર છે?

- ખાતરી કરો કે તમારા જીપી(GP) પાસે તમારું સાચું સરનામું અને ટેલિફોન નંબર છે જેમાં મોબાઇલ નંબરનો પણ સમાવેશ થાય છે, જો તમારી પાસે મોબાઇલ નંબર છે, કારણ કે હૉસ્પિટલ ટેલિફોન દ્વારા તમારો સંપર્ક કરી શકે છે.
- જો તમે આગામી ચાર અઠવાડિયાની અંદર એપોઇન્ટમેન્ટમાં હાજર રહેવામાં અસમર્થ હો, તો કૃપા કરીને તમારા જીપી (GP)ને જણાવો.
- જો તમારે કોઈ અનુવાદકની જરૂર હોય, ઍક્સેસની જરૂરિયાતો હોય અથવા તમે કોઈ મહિલા સલાહકાર ઇચ્છતા હોવ, તો કૃપા કરીને તમારી એપોઇન્ટમેન્ટની અગાઉથી હૉસ્પિટલને જાણ કરો.
- જો તમને બે અઠવાડિયાની અંદર હૉસ્પિટલમાંથી એપોઇન્ટમેન્ટ ન મળી હોય, તો કૃપા કરીને તમારી જીપી (GP) પ્રેક્ટિસનો સંપર્ક કરો. વૈકલ્પિક રીતે, જો તમે એ હૉસ્પિટલને જાણતા હોવ જ્યાં તમને રેફર કરવામાં આવ્યા છે, તો તમે તેમના પેશન્ટ એડવાઇઝ એન્ડ લિયેઝન સર્વિસીસ (PALS) વિભાગનો સંપર્ક કરી શકો છો.

### આગળ શું થશે?

તમારી જીપી (GP) પ્રેક્ટિસ તમારી એપોઇન્ટમેન્ટ બુક કરશે. જો તમારા જીપી (GP) તમારા માટે આ બુક કરાવી શક્યા નથી, તો હૉસ્પિટલ આ વ્યવસ્થા કરવા માટે તમારો સંપર્ક કરશે.

હૉસ્પિટલ સાથેની તમારી પ્રારંભિક મુલાકાત નર્સ સ્પેશિયાલિસ્ટ સાથે ટેલિફોન અથવા વીડિયો

કોલ હોઈ શકે છે. નર્સ સ્પેશિયાલિસ્ટ તમારા લક્ષણો વિશે વધુ જાણકારી મેળવશે. વૈકલ્પિક રીતે, તમે એક સ્પેશિયાલિસ્ટ સાથે રૂબરૂ મુલાકાત લઈ શકો છો.

**કૃપા કરીને નોંધ લેશો**: *જો તમે કૉલ રેકોર્ડ કરવા માંગતા હો અથવા તો તમારા મિત્ર કે પરિવારના કોઈ સભ્યને કોલ પર સામેલ કરવા માગતા હો તો તમારે ક્લિનિશિયનને જાણ કરવી અનિવાર્ય છે.*

હૉસ્પિટલ તમને તમારી રૂબરૂ એપોઇન્ટમેન્ટ્સ અથવા તમે હૉસ્પિટલમાં હાજરી આપો તે દિવસે તમે જે ટેસ્ટ કરાવી શકો તેવી શક્યતા છે તે વિશેની સૂચનાઓ મોકલશે. તમારી એપોઇન્ટમેન્ટ માટે તૈયારી કરવા વિશે અદ્યતન સલાહ માટે કૃપા કરીને આ સૂચનાઓને કાળજીપૂર્વક તપાસો.

એક વખત તમે હૉસ્પિટલ સાથેની તમારી તારીખ માટે સંમત થઈ જાઓ, પછી તમે હાજરી આપો એ ખૂબ જ મહત્ત્વનું છે. જો તમે તમારી એપોઇન્ટમેન્ટ જાળવવામાં અસમર્થ છો, તો હૉસ્પિટલને તાત્કાલિક જાણ કરવા માટે કૃપા કરીને તમારા પુષ્ટિ પત્ર પરના નંબર પર કૉલ કરો.

### હૉસ્પિટલમાં શું થશે?

જ્યારે તમે તમારી હૉસ્પિટલની એપોઇન્ટમેન્ટ માટે આવો છો, ત્યારે તમે સામાન્ય રીતે સ્પેશિયાલિસ્ટને મળશો અથવા નિદાન પરીક્ષણ કરાવશો. જો તમારે તમારી એપોઇન્ટમેન્ટ દરમિયાન કોઈ ટેસ્ટ કરાવવાની જરૂર હોય તો તમને અગાઉથી જણાવવામાં આવશે, તેથી કૃપા કરીને ખાતરી કરો કે તમે અગાઉથી તમને અપાયેલી કોઈ પણ સૂચનાઓનું પાલન કરો છો. તૈયાર રહો કે, આ એપોઇન્ટમેન્ટ્સમાં પ્રતીક્ષાના સમય અને તમને કયા પરીક્ષણોની જરૂર છે તેના આધારે થોડા કલાકો લાગી શકે છે.

તમારા રેફરલના 28 દિવસની અંદર પરીક્ષણોના પરિણામ વિશે તમારો સંપર્ક કરવામાં આવશે, પરંતુ તમને તે દિવસે તમારા પરીક્ષણોનું પરિણામ જણાવવામાં આવી શકે છે. તમે ટેકા માટે અથવા તબીબી ટીમ તમારી સાથે શું ચર્ચા કરશે તે અંગે ચિંતિત હોવ તો તે સમજવા માટે કોઈ મિત્ર અથવા પરિવારના સભ્યને તમારી સાથે લાવવા માંગતા હોઈ શકો. મુલાકાતીઓ વિશેના માર્ગદર્શન માટે કૃપા કરીને તમારો પત્ર તપાસો.

### કોઈ પ્રશ્નો?

જો તમને હૉસ્પિટલમાં તમારા રેફરલ અંગે કોઈ ચિંતા અથવા પ્રશ્નો હોય તો, કૃપા કરીને તમારી જીપી સર્જરીને કોલ કરો અને જે વ્યક્તિએ તમને રેફર કર્યા હોય તેમની સાથે વાત કરો.

જો તમારા લક્ષણો તમારી એપોઇન્ટમેન્ટ પહેલાં વધુ ખરાબ થઈ જાય છે અથવા કેન્સરને નકારી કાઢવામાં આવ્યા પછી પણ ચાલુ રહે છે, તો કૃપા કરીને તમારા જીપીનો સંપર્ક કરો.

## વધુ માહિતી માટે ઉપયોગી લિંક્સ

https://www.cancerresearchuk.org/
https://www.macmillan.org.uk/cancer-information-and-support

NHS

**તમારી તપાસ અને પરિણામો માટે અંદાજિત સમયરેખા નીચે આપવામાં આવી છે, પરંતુ જો તમારા લક્ષણો જટિલ હોય અથવા તમારે બહુવિધ પરીક્ષણોની જરૂર હોય તો તે લાંબી હોઈ શકે છે.**

રેફરલની શરૂઆત

હૉસ્પિટલની એપોઇન્ટમેન્ટ
14 દિવસ

નિદાન અથવા કેન્સરને નકારી કાઢ્યું
28 દિવસ

સારવારનો નિર્ણય
31 દિવસ

પ્રથમ સારવાર
62 દિવસ

દા.ત. લોહી, પેશાબ, મળ પરીક્ષણ, તબીબી ફોટોગ્રાફ

**પરીક્ષણો**

તમારા લક્ષણોનું કારણ નક્કી કરવામાં તમારા તબીબને મદદ કરવા માટે તમને જીપી(GP) સંદર્ભ આપે તે પહેલાં તમને પરીક્ષણ કરવાનું કહેવામાં આવી શકે છે

**જીપી (GP) રેફરલ**

તમારા જીપી (GP) તમને વધુ તપાસ માટે અથવા સ્પેશિયાલિસ્ટની એપોઇન્ટમેન્ટ માટે હૉસ્પિટલમાં રેફર કરશે

વધુ તપાસ કોલોનોસ્કોપી, અલ્ટ્રાસાઉન્ડ, એક્સ-રે વગેરે હોઇ શકે છે

**વધુ તપાસ**

સ્પેશિયાલિસ્ટને તમારા લક્ષણોનું કારણ નક્કી કરવામાં મદદરૂપ થવા માટે તમારે વધુ પરીક્ષણોની જરૂર પડી શકે છે. કૃપા કરીને આ મુલાકાતને પ્રાથમિકતા આપો

તમારી એપોઇન્ટમેન્ટ સ્પેશિયાલિસ્ટ સાથે તમારા લક્ષણો અને પરિણામોની ચર્ચા કરવા માટે હશે. તમે તમારી સાથે પરિવારના કોઇ સભ્ય અથવા મિત્રને લાવી શકો છો

**હૉસ્પિટલની એપોઇન્ટમેન્ટ**

તમારા જીપી (GP) અથવા હૉસ્પિટલ સ્પેશિયાલિસ્ટ સાથે તાત્કાલિક એપોઇન્ટમેન્ટની વ્યવસ્થા કરશે અને તમારી એપોઇન્ટમેન્ટ માટેની સૂચનાઓ આપશે. કૃપા કરીને આ મુલાકાતને પ્રાથમિકતા આપો

**પરિણામો**

હૉસ્પિટલ તમારા રેફરલના 28 દિવસની અંદર પરીક્ષણોના પરિણામ વિશે તમારો સંપર્ક કરવામાંનું ધ્યેય રાખશે, પરંતુ તમને આ દિવસે તમારા પરીક્ષણોનું પરિણામ જણાવવામાં આવી શકે છે

તમને હજી પણ એવા લક્ષણો હોઇ શકે છે જેની તપાસ કરવાની જરૂર છે અને જો તે ચાલુ રહે અથવા વધુ ગંભીર બને તો તમારે તમારા જીપી(GP)નો સંપર્ક કરવો જોઇએ

**કેન્સર ન હોવાનું જણાયું**

તમારા સ્પેશિયાલિસ્ટ તમને જણાવવા માટે લખશે કે કેન્સરને નકારી કાઢવામાં આવ્યું છે અને આગળ શું થશે.

તમારા સ્પેશિયાલિસ્ટ તમારો સંપર્ક કરીને તમને જણાવશે કે કેન્સરનું નિદાન થયું છે અને તેઓ તમારી સાથે સારવાર અંગે ચર્ચા કરશે

**કેન્સરનું નિદાન થયું**

તમારી કેન્સર કેર ટીમ અને તમારા જીપી બંને તમારા પ્રશ્નોના જવાબ આપશે કે શું અપેક્ષા રાખવી અને તમે સારવાર શરૂ કરો ત્યારે તમને ક્યાં વધુ ટેકો મળી શકે છે